GJVD040036372022

| | | |
|---|---|---|
| ચાર્જશીટ દાખલ તારીખ | : | ૧૨.૧૦.૨૦૨૨ |
| રજીસ્ટર કર્યા તારીખ | : | ૧૨.૧૦.૨૦૨૨ |
| નિકાલ કર્યા તારીખ | : | ૨૦.૧૦.૨૦૨૨ |
| સમય અવધિ | : | વર્ષ–માસ–દિવસ<br>૦૦. ૦૦. ૦૭ |

**મે.પાદરાના એડીશનલ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.પાદરા**

ગુ.મુ.નંબર : ૩૧૪૧/૨૦૨૨
આંક :

ફરીયાદી : શ્રી સરકાર

<u>વિરૂધ્ધ</u>

આરોપી : કપીલાબેન તે વિજયભાઇ કનુભાઇ માળી
રહે.ધનબાના કુવા પાસે, પાદરા ટાઉન, તા.પાદરા, જી.વડોદરા.

ગુનો : ધી પ્રોહી એકટ કલમ ૬૫(એ)(એ) મુજબ...

શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી બી.એચ.શ્રીમાળી.
આરોપી તરફે વિ.વ.શ્રી વી.વી.પ્રજાપતિ

<u>–:: ઠ રા વ ::–</u>

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા. ૨૩.૦૬.૨૦૨૨ ના કલાક ૧૯.૪૦ વાગે મોજે પાદરા ટાઉન ધનબાના કુવા પાસે આવેલ પોતાના કબજા ભોગવટાના મકાનમાં દેશી દારૂ લી. ૦૩ કિ.રૂા. ૬૦ /– નો વગર પાસ પરમીટે રાખી રેઈડ દરમિયાન પકડાઈ જઈ ગુનો કરેલ છે. જેથી તેના વિરૂધ્ધ પાદરા પો. સ્ટે. પાર્ટ – સી. ગુ. ર. નં. ૧૧૧૯૭૦૩૪૨૨૧૦૭૪/૨૦૨૨ અન્વયે ધી પ્રોહી એકટની કલમ ૬૫(એ)(એ) મુજબનો ગુનો નોંધી તેની વિરૂધ્ધ તપાસ કરી, અદાલત માં ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) ચાર્જશીટ રજુ થતા ચાર્જશીટ રજીસ્ટરે લઈ આરોપીને સમન્સ બજતાં તેમના વિ.વ શ્રી મારફતે અદાલત સમક્ષ હાજર થતાં ક્રિ.પ્રો.કોડની કલમ ૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો પુરી પાડેલ છે અને આંક– ૫ થી આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલી છે તથા આરોપી વિરુધ્ધ શિક્ષાપાત્ર ગુના અંગે આંક– ૪ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ છે. જેમા આરોપીએ તેના

વિરૂધ્ધના ગુનાનો ઈન્કાર કરેલો છે. આથી ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલી છે.

(૩) ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધ પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

| **મૌખિક પુરાવો...** | | **આંક...** |
|---|---|---|
| (૧) | પંચસાહેદ– દિનેશભાઈ ચંદુભાઈ વાળંદ | ૦૬ |
| (૨) | પંચસાહેદ– નરેન્દ્રભાઈ જગજીવનદાસ ગાંધી | ૦૮ |
| (૩) | ફરીયાદી– હસમુખભાઈ દુદાભાઈ | ૦૯ |
| (૪) | ત.ક.અ.– પુનિતભાઈ વાલાભાઈ | ૧૧ |

| **દસ્તાવેજી પુરાવો...** | | |
|---|---|---|
| (૧) | ફરીયાદ | ૧૦ |
| (૨) | મુદ્દામાલ પંચનામું | ૦૭ |

(૪) ફરીયાદપક્ષે પોતાનો પુરાવો પુરો થયેલાનું મૌખિક રીતે જાહેર કરતાં ક્રિ.પ્રો.કોડની કલમ ૩૧૩ અન્વયે આરોપીના વિશેષ નિવેદન નોંધવામાં આવેલા છે. જેમા આરોપીએ ફરીયાદ પક્ષે કરેલા આક્ષેપોનો ઈન્કાર કરી જણાવેલ છે કે, તેઓને સોગંદ ઉપર પુરાવો આપવો નથી તથા બચાવના સાહેદો તપાસવા નથી અને છેલ્લે વિશેષમાં જણાવેલ કે, અમો નિર્દોષ છીએ, ખોટો કેસ કરેલ છે. આથી છેલ્લે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી શ્રીમાળી તથા આરોપી તરફે વિ.વ.શ્રી એમ.ડી.મકવાણાની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫) આ કેસની ઉપરોકત હકીકતે આ કેસના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા. ૨૩.૦૬.૨૦૨૨ ના કલાક ૧૯.૪૦ વાગે મોજે પાદરા ટાઉન ધનબાના કુવા પાસે આવેલ પોતાના કબજા ભોગવટાના મકાનમાં દેશી દારૂ લી. ૦૩ કિ.રૂા. ૬૦ /– નો વગર પાસ પરમીટે રાખી રેઈડ દરમિયાન પકડાઈ જઈ ગુનો કરેલ છે. જેથી તેના વિરૂધ્ધ પાદરા પો. સ્ટે. પાર્ટ – સી. ગુ. ર. નં. ૧૧૧૯૭૦૩૪૨૨૧૦૭૪/૨૦૨૨ અન્વયે ધી પ્રોહી એકટની કલમ ૬૫(એ)(એ) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાની કારણોમાં ચર્ચા કરી છે તે મુજબ નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારાત્મક,

(૨) આખરી હુકમ મુજબ.

**-:: કા ર ણો ::-**

**મુદ્દા નંબર ૧...**

(૭) ફરીયાદપક્ષે પંચસાહેદો દિનેશભાઇ ચંદુભાઇ વાળંદે તેમના આંક- ૬ ના તથા નરેન્દ્રભાઇ જગજીવનદાસ ગાંધીએ તેમના આંક- ૮ ના મૌખિક પુરાવામાં જણાવેલ છે કે, તેઓએ એક તૈયાર લખેલા પંચનામા પોલીસ સ્ટેશનમાં સહી કરેલી, પંચનામું કઈ બાબતનું હતું તેની તેઓને ખબર નથી તેમજ તેમની રૂબરૂમાં કોઈ પંચનામું થયેલ હોય તેવું બનેલ નથી તેમજ તેઓને અસલ પંચનામું બતાવવામાં આવે છે જે જોઈને તેઓ કહે છે કે તેમાં પંચ નં.૧ અને ૨ તરીકે તેમની સહીઓ છે.

આમ, સદર પંચસાહેદો ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતા ન હોય, તેઓને વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવતા તેમની ઉલટતપાસ કરવામાં આવેલી છે જેમા તેઓ એ પંચનામાની હકીકતોનો ઈન્કાર કરેલ છે.

જયારે બચાવપક્ષે કરવામાં આવેલી ઉલટતપાસમાં કબુલ રાખેલ છે કે, પોલીસે પંચનામું કર્યુ તેમાં માત્ર સહી કરાવેલી તેમજ પંચનામાની વિગતો તેઓએ લખાવેલી નહી તેમજ પોલીસવાળા તેઓને પોતાની સાથે લઈ ગયેલા હોય તેવુ બનેલ નથી.

(૮) ફરીયાદપક્ષે ફરીયાદી હસમુખભાઇ દુદાભાઇએ તેમના આંક- ૦૯ ના મૌખિક પુરાવામાં જણાવેલ છે કે, ગઈ તા. ૨૩.૦૬.૨૦૨૨ ના રોજ મોજે પાદરા ટાઉન ગામે રહેતા કપીલાબેન તે વિજયભાઇ કનુભાઇ માળી નાઓ પોતાના ઘરે પ્રોહી પ્રવૃતિ કરે છે તે બાતમી આધારે બે પંચોના માણસો સાથે રાખી સદરી બેનના ઘરે પ્રોહી રેડ કરતા સદરી બેન હાજર મળી આવેલા તેને સાથે રાખી તેમના ઘરમાં પ્રોહી અંગે ઝડતી તપાસ કરતા તેમના ઘરમાંથી દેશી દારુ મળી આવેલ જેમાં ખાતરી તપાસ કરતા દેશી દારુ મળી આવેલ લીટર ૦૩ જેની કિંમત રૂા. ૬૦ /-

નો ગે.કા. મળી આવતા પંચનામાની વિગતે પાકી સીલો કરી સેમ્પલને તપાસ અર્થે કબજે કરી તેઓને એક ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે.

જયારે બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં કબુલ રાખેલ છે કે, બાતમી તેઓને મળેલ નહિ, બાતમી તેમના ઉપરી અધિકારીને મળેલ, સદર બાતમી લેખિત, મૌખિક કે ટેલીફોનિક હતી તે તેઓ જણાવી શકે નહિ, પેટ્રોલીંગમાં ક્યુ વાહન લઇને નીકળેલા તે વાહનનો નંબર કે સદર વાહન સરકારી કે ખાનગી હતુ તે તેમની ફરિયાદમાં જણાવેલ નથી, તેઓ તેમના સાહેબ સાથે પેટ્રોલીંગમાં કેટલા વાગે નીકળેલ તે ચોક્કસ સમય ફરિયાદમાં જણાવેલ નથી, બનાવ સ્થળે તેઓ બે પંચો સાથે રેઇડમાં ગયેલ તે પંચોના નામ સરનામાં ફરિયાદમાં જણાવેલ નથી, જે જગ્યાએથી મુદ્દામાલ મળી આવેલ તે વિસ્તાર વસ્તીવાળો વિસ્તાર હોય અને આજુબાજુમાં ઘણા બધા રહેણાંક મકાનો આવેલ હોય, જે જગ્યાએથી મુદ્દામાલ મળી આવેલ તે જગ્યા આરોપીની માલિકીની હતી તે બાબતનો કોઇ પુરાવો તેમની રૂબરૂ કબજે કરેલ હોય તેવું બનેલ નથી.

(૯) ફરીયાદપક્ષે ત.ક.અ. પુનિતભાઇ વાલાભાઇએ તેમના આંક– ૧૧ ના મૌખિક પુરાવામાં જણાવેલ છે કે, પીએસઓ રૂબરૂની ફરીયાદ શ્રી સત અ.પો.કો.હસમુખભાઇ દુદાભાઇ બ.નં. ૧૩૦૫ પાદરા પો.સ્ટે., પાદરા આપેલ હોય જે રીપોર્ટ સહ મોકલી આપતા પાદરા પો.સ્ટે. ઓએ દાખલ કરી આગળની તપાસ તેમના તરફ ડેપ્યુટ કરેલ હોય જે તપાસ તેઓએ સંભાળી લીધેલ અને આરોપી વિરુધ્ધ પૂરતા પુરાવા હોય અટક કરી તેના વિરુધ્ધમાં ચાર્જશીટ કરવામાં આવેલ છે.

જયારે બચાવપક્ષે કરવામાં આવેલી ઉલટતપાસમાં જણાવેલ છે કે, તેઓ જે બનાવવાળુ સ્થળ જણાવે છે ત્યાં બીજા પણ રહેણાંક મકાનો આવેલા છે તેમજ આ કામે સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી. એ વાત ખરી નથી કે, તેઓએ તૈયાર લખેલા પંચનામાં પોલીસ સ્ટેશનમાં જ પંચોની સહી લીધેલી. તેમજ સદર કામે તેઓએ એફ.એસ.એલ. સર્ટીફિકેટ રજૂ કરેલ નથી. એ વાત ખરી છે કે, રેડવાળુ મકાન આરોપીની માલિકીનું હતું તે અંગેનો કોઈ પુરાવો રજુ કરેલ નથી.

(૧૦) ફરીયાદપક્ષે રજુ થયેલ રેકર્ડ ઉપરનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા, પંચસાહેદો દિનેશભાઇ ચંદુભાઇ વાળંદના આંક – ૦૬ ના તથા નરેન્દ્રભાઇ જગજીવનદાસ ગાંધીના આંક – ૦૮ ના રેકર્ડ ઉપરના પુરાવાનું પુરાવાકીય મૂલ્યાંકન કરવામાં આવે તો, સદર પંચસાહેદો ફરીયાદપક્ષે રજૂ કરેલ આંક– ૭ ના પંચનામાની હકીકતોને સમર્થનકારી પુરાવો પુરો પાડતા નથી.

જેથી પંચસાહેદોની રૂબરૂમાં પંચનામાની વિગતે તપાસના કામે આરોપીના કબજામાંથી મુદ્દામાલ દેશી દારૂ કબજે કરેલાનું પુરવાર થતુ નથી. જેથી આ પંચનામાંના આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી.

(૧૧) વધુમાં ફરીયાદપક્ષે ફરીયાદી હસમુખભાઇ દુદાભાઇના આંક– ૯ ના તથા ત.ક.અ. પુનિતભાઈ વાલાભાઈના આંક– ૧૧ ના પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો, સદર ફરીયાદી તથા તપાસ કરનાર અમલદાર પોલીસ સાહેદો છે અને તેઓ ફરીયાદપક્ષને અનુરૂપ પુરાવો પુરો પાડે તે સ્વાભાવિક અને માનવાલાયક છે. પરંતુ, આરોપીપક્ષે કરવામાં આવેલી ઉલટ તપાસમાં ગુનાની તપાસ તેઓએ કરેલ નથી, ગુનાવાળી જગ્યાએ વસ્તીવાળો વિસ્તાર આવેલો છે તેમજ આ વિસ્તાર લોકોની અવરજવર ચાલુ રહે છે તેમજ તેમની રૂબરૂ કોઈ પંચનામું કરેલ નહી કે પંચોના નામ સરનામા પુછેલા નહી તેમજ બનાવવાળુ સ્થળ જણાવે છે ત્યાં બીજા કેટલાક રહેણાંક મકાનો આવેલ છે તેમજ આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી તેમજ રેડવાળુ મકાન આરોપીની માલિકીનું હતું તે અંગે કોઈ પુરાવો રજૂ કરેલ નથી. માત્ર પોલીસ સાહેદોના નિવેદન નોંધવામાં આવેલા છે. તેમજ જે પંચસાહેદો રૂબરૂ મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું કરવામાં આવેલ છે તે પંચસાહેદોએ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો પુરો પાડેલ નથી. તે સંજોગોમાં રેડ દરમ્યાન કબજે કરવામાં આવેલ મુદ્દામાલ આરોપીની માલિકીનો હોવાનુ ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી.

(૧૨) આ કામે ઉપરોકત રજુ થયેલ સમગ્ર પુરાવાનું ઝીણવટપૂર્વક મુલ્યાંકન કરવામાં આવે તો,ઉપરોકત પંચસાહેદો એ સ્વતંત્ર પંચસાહેદો છે, તેમના પુરાવા દરમ્યાન તેમણે રજુ કરેલ આંક– ૭ ના પંચનામાની હકીકતો પુરવાર થયેલ નથી. જેથી આ કામે આંક– ૭ નું પંચનામું પુરાવામાં ગ્રાહય રાખી શકાય નહી. આમ, જયારે પંચસાહેદો ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતા ન હોય ત્યારે આ કામે ફરીયાદી તથા ત.ક.અમલદારની જુબાની ઉપર આધાર રાખી ફરીયાદપક્ષનો કેસ પુરવાર માની શકાય નહી. તેમજ આ કામે બીજા કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી, પંચસાહેદો સિવાય જે સાહેદ છે તે પોલીસ સાહેદો છે અને તેઓ રેડ વખતે હાજર હતા. આમ, તેઓ રસ ધરાવનાર સાહેદ છે. તેઓને ફરીયાદપક્ષની તરફેણમાં તેમજ આરોપીની વિરૂધ્ધમાં જુબાની આપવા પુરતો રસ હોય તે સ્વાભાવિક છે તેથી કોઈપણ જાતના સમર્થન વિના ની એક માત્ર રસ ધરાવનાર સાહેદોની જુબાનીથી આરોપીને સદર ગુના અંગે કસુરવાર ઠરાવી શકાય નહી. તેવા સંજોગોમાં આરોપી પાસેથી કબજે કરવામાં આવેલ દેશી દારુ ગેરકાયદેસરનો

વગર પાસ પરમીટનો આરોપીના કબજા ભોગવટામાંથી મળી આવેલ તેવી હકીકત પુરવાર માની શકાય નહીં. આમ આ કામના આરોપીએ ધી પ્રોહી એકટની કલમ ૬૫(એ)(એ) મુજબનો ગુનો કરેલ છે તેવી હકીકત ફરીયાદપક્ષ સદર સાહેદોના પુરાવા થકી પુરવાર કરી શકેલ નથી. જેથી ફરીયાદપક્ષ આરોપી સામેનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય, મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી, મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–:: હુકમ ::–**

આ કામના આરોપી કપીલાબેન તે વિજયભાઇ કનુભાઇ માળી નાઓને ક્રિ. પ્રો.કો. કલમ ૨૪૮ (૧) મુજબ ધી પ્રોહી એકટની કલમ ૬૫(એ)(એ) મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

ક્રિ.પ્રો.કોડની કલમ ૪૩૭(એ) અન્વયે અપીલ કોર્ટમાં હાજર રહેવાની બાંહેધરી માટે આરોપીએ રૂા. ૧૫૦૦/– ના જાત જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા હુકમ તારીખ થી છ માસ માટે રજૂ કરવા.

આ કામે કબજે કરેલ મુદ્દામાલ દેશી દારૂનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ વીસમી, માહે ઓક્ટોબર , સને ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ. ૨૦.૧૦.૨૦૨૨
પાદરા.
v.s.ruikar(pa)

**(કુમારી રહીશાબાનુ એહમદખાન નાગોરી)**
એડીશનલ જ્યુડી.મેજી.ફ.ક.,પાદરા.
કોડ નં.જી.જે.૦૦૭૨૨.